૨૪

KJ-BK-3-14

સંવત ૨૦૦૧ ના વૈશાખ વદ ૯ ને સોમવારને રોજ સાંજના ૯ વાગ્યે
શ્રી દુર્ગાપુર પાટીદાર મહાજન ના ભાઈઓ તથા બહેનોની એક સભા મળી
હતી. સભાનું પ્રમુખ સ્થાન શ્રી અરજણ ગોપાલે લીધું હતું. ગામમાં તદ્દન
બંધાયેલ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં ભગવાન શ્રીની
પ્રતિષ્ઠા કરાવવાની વીધી સ્વહસ્તે કરાવવાની છેલ્લો ચડાવો રૂા. ૫૦૧)
પાંચસો એકનો ભાઈ પ્રેમજી કરમશી ભીમાણીએ લીધો હતો. ત્યારબાદ મંગળવાર
તા. ૫-૬-'૪૫ નો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. અને એ કાર્ય
અંગે સ્વયંસેવકો નોંધવામાં આવ્યા હતા અને કાર્યની વીધવીધ વિભાગો-
માં વહેંચણી કરવામાં આવી હતી. આ કાર્ય અંગે જરૂરી ચર્ચામાં પંઢાર
વાળા પૂ. મહારાજ શ્રી દયાળદાસજીએ મુખ્ય ભાગ લીધો હતો.
ત્યારબાદ ભાઈ શ્રી નથુભાનજી એ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું
મંદિર બંધાવવાનું શુભ કાર્ય કરનાર દુર્ગાપુર ના પાટીદાર ભાઈઓને
હાર્દિક અભિનંદન આપ્યાં હતાં. અને સ્વયંસેવકોને પોતાનું
કાર્ય યોગ્ય રીતે બજાવવાની અપીલ કરી હતી. ત્યારબાદ
વિરાણીવાળા શ્રી રતનશી ભાઈ ખીમજીએ પણ ગામના જ્ઞાતિભાઈ-
ઓને આ શુભ કાર્ય માટે અભિનંદન આપી, સ્વયંસેવકોની
ટુકડી લંબાણથી વિસ્તૃત રીતે સમજાવી હતી. અને આવાં
જ્ઞાતિ ઉન્નતિના કાર્યોમાં સર્વેને પોતાથી બનતો સહકાર આપવાની
અપીલ કરી, પોતાથી બનતો સહકાર આપવાની ખાત્રી આપી હતી.
ત્યારબાદ શ્રી ક. વિ. ઓ. જૈન બોર્ડીંગ, દુર્ગાપુર, ના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી રણછોડભાઈ
રાજ્યગોરે, પોતે કેવા પાટીદાર જ્ઞાતિનાં આવાં શુભ કાર્યોમાં કેવી રીતે રસ
લેતા થયા એ જણાવી, ભવિષ્યમાં પણ એમો પોતાથી બનતો સાથ
અને સહકાર આપશે એવી ખાત્રી આપી હતી. ત્યારબાદ શ્રી
રતનભાઈએ આ પ્રસંગે બોલતાં પાટીદાર જ્ઞાતિની ધાર્મિક, આર્થિક અને
કેળવણી વિષયક ઉન્નતિનો ખ્યાલ આપ્યો હતો. અને પાટીદાર સમાજમાં
કાયમનો સુધારો સ્થાપવા માટે કેળવણીની અગત્યતા પર ભાર ભાર
મૂકી, ગામેગામ પાટીદારો માટે શાળાઓ સ્થાપવા માટે એક "કાયમનું
ફંડ" સ્થાપવાની સભાજનોને અપીલ કરી હતી. સભામાં મહાજન શ્રી
મોરારજી ભાઈ એ પણ સ્વયંસેવકોની ટુકડી વિષે વિવેચન કરી આવાં
જ્ઞાતિ ઉન્નતિના કાર્યોમાં હાર્દિક સહકાર આપવાની અપીલ કરી,
પોતાના સહકારની ખાત્રી આપી હતી. આભાર માન્યા બાદ સભા
વિસર્જન થઈ હતી. શ્રીયુત નથુભાઈ નાનજી એ આવતી કાલના
કાર્યને લગતી યાદી સભા સમક્ષ રજુ કરી હતી. ત્યારબાદ સભા વિસર્જન
થઈ હતી.

04-Jun-1945
Date recorded as per Kutchi calendar

૫૮

KJ-BK-3-14

સંવત ૨૦૦૧ ના વૈશાખ વદ ૯ ને સોમવારને રોજ સાંજના ૯ વાગ્યે શ્રી દુર્ગાપુર પાટીદાર મહાજન ના ભાઈઓ તથા બહેનોની એક સભા મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન શ્રી અરજણ ગોપાલે લીધું હતું. ગામમાં તદ્દન નવા બંધાયેલ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં ભગવાન શ્રીની પ્રતીષ્ઠા કરાવવાની વીધી સ્વહસ્તે કરાવવાની છેલ્લો ચડાવો કો. ૫૦૧) પાંચસો એકનો ભાઈ પુંજા કરમશીએ લીધો હતો. ત્યારબાદ મંગળવાર તા. ૫-૬-'૪૫ નો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. અને એ કાર્ય અંગે સ્વયંસેવકો નોંધવામાં આવ્યા હતા અને કાર્યની વહેંચણી વિભાગો માં વહેંચણી કરવામાં આવી હતી. આ કાર્ય અંગે જરૂરી ચર્ચામાં વાંઢાય વાળા પૂ. મહારાજ શ્રી દયાળદાસજીએ મુખ્ય ભાગ લીધો હતો.

ત્યારબાદ ભાઈ શ્રી નથુભાઈ નાનજીએ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર બંધાવવાનું શુભ કાર્ય કરનાર દુર્ગાપુરના પાટીદાર ભાઈઓને હાર્દિક અભિનંદન આપ્યાં હતાં. અને સ્વયંસેવકોને પોતાનું કાર્ય યોગ્ય રીતે બજાવવાની અપીલ કરી હતી. ત્યારબાદ વિરાણીવાળા શ્રી રતનશી ભાઈ ખીમજીએ પણ ગામના જ્ઞાતિભાઈ-ઓને આ શુભ કાર્ય માટે અભિનંદન આપી, સ્વયંસેવકોની ફરજ લંબાણથી વિસ્તૃત રીતે સમજાવી હતી. અને આવાં જ્ઞાતિ ઉન્નતિના કાર્યોમાં સર્વેને પોતાથી બનતા સહકાર આપવાની અપીલ કરી, પોતાથી બનતો સહકાર આપવાની ખાત્રી આપી હતી. ત્યારબાદ શ્રી ક. વિ. ઓ. જૈન બોર્ડીંગ, દુર્ગાપુર, ના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી રણછોડભાઈ રાજ્યગોર, પોતે કેવા પાટીદાર જ્ઞાતિનાં આવાં શુભ કાર્યોમાં કેવી રીતે રસ લેતા થયા એ જણાવી, ભવિષ્યમાં પણ એવાં પોતાથી બનતો સાથ અને સહકાર આપશે એવી ખાત્રી આપી હતી. ત્યારબાદ શ્રી [illegible]ભાઈ રામભાઈએ આ પ્રસંગે બોલતાં પાટીદાર જ્ઞાતિની ધાર્મિક, આર્થિક અને કેળવણી વિષયક ઉન્નતિનો ખ્યાલ આપ્યો હતો. અને પાટીદાર સમાજમાં કાયમનો સુધારો સ્થાપવા માટે કેળવણીની અગત્યતા પર ખાસ ભાર મૂકી, ગામેગામ પાટીદારો માટે શાળાઓ સ્થાપવા માટે એક "કાયમનું ફંડ" સ્થાપવાની સભાજનોને અપીલ કરી હતી. સભામાં મહારાજશ્રી મોરારજી ભાઈએ પણ સ્વયંસેવકોની ફરજ વિષે વિવેચન કરી આવાં જ્ઞાતિ ઉન્નતિના કાર્યોમાં હાર્દિક સહકાર આપવાની અપીલ કરી, પોતાના સહકારની ખાત્રી આપી હતી. આભારવિધિ બાદ સભા વિસર્જન થઈ તે પહેલાં શ્રીયુત નથુભાઈ નાનજીએ આવતી કાલના કાર્યને લગતી યાદી સભા સમક્ષ રજુ કરી હતી. ત્યારબાદ સભા વિસર્જન થઈ હતી.